# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભૂંડિયા વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપ્ર મુખ શી જિનપિંગે કહ્યું છે કે બંને દેશો પરસ્પર વિકાસમાં ભાગીદાર છે,
2. ચીનમાં SCO સમિટ દરમિયાન, શ્રી મોદી વિવિધ દેશોના વૈશ્વિક નેતાઓને મળ્યા.
3. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશે સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા વોકલ ફોર લોકલ, આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના મંત્ર સાથે આગળ વધવું પડશે.
4. શ્રી મોદીએ ચોમાસાના પ્રકોપ દરમિયાન રાહત કાર્યમાં માનવતાને પ્રથમ સ્થાન આપવા બદલ લોકો અને સંગઠનોનો આભાર માન્યો.
5. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરથી આપા  તકાલીન સેવાઓ આપવા 112 જનરક્ષક પ્રોજેકટ સહિત 217 કરોડ રૂપિયાના વિકાસકામોનો શુભારંભ કર્યો.**
6. બિહારમાં આયોજિત એશિયા કપ હોકી ચેમ્પિયનશિપમાં ભારતે જાપાનને ૩-૨ થી હરાવ્યું.

..........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## INDIA-CHINA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું છે કે બંને દેશો પરસ્પર વિકાસમાં ભાગીદાર છે , વિરોધી નથી અને તેમના મતભેદો વિવાદોમાં ફેરવાવા જોઈએ નહીં.

શ્રી મોદી અને શ્રી જિનપિંગ શાંઘાઈ  સહયોગ સંગઠન SCOની બેઠક દરમિયાન ચીનના તિયાનજિનમાં મળ્યા હતા.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે દ્વિપક્ષીય સંબંધોના સતત વિકાસ માટે સરહદ પર સુલેહ-શાંતિ જાળવવી જરૂરી છે.

(બાઇટ-પ્રધાનમંત્રી ઓપનિંગ રીમાર્ક ચીન)

બંને નેતાઓએ ગયા વર્ષે સરહદ પર બંને દેશોના સૈનિકોને પાછા ખેંચવા પર સંતોષ વ્યક્ત કર્યો હતો. બંને નેતાઓ એકંદર દ્વિપક્ષીય સંબંધો અને બંને દેશોના લાંબા ગાળાના હિતોને સુનિશ્ચિત કરવા માટે સરહદ મુદ્દાના વાજબી અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ પર સંમત થયા હતા.

## PRIME MINISTER - WORLD LEADERS

ચીનના તિયાનજિનમાં  SCO  સમિટ દરમિયાન ,  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માલદીવ, તાજિકિસ્તાન, કઝાકિસ્તાન અને બેલારુસના રાષ્ટ્રપતિઓ અને ઇજિપ્ત અને નેપાળના પ્રધાનમંત્રીઓ સહિત વિશ્વના નેતાઓને મળ્યા. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં, શ્રી મોદીએ આ નેતાઓને મળવા બદલ ખુશી વ્યક્ત કરી. કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ કાસિમ-જોમાર્ટ કે ટોકાયેવ સાથેની મુલાકાત દરમિયાન , પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત અને કઝાકિસ્તાન ઊર્જા  ,  સુરક્ષા,  આરોગ્યસંભાળ અને ફાર્મા સહિત ઘણા મુખ્ય ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરી રહ્યા છે. તાજિકિસ્તાનના રાષ્ટ્રપતિ ઇમોમાલી રહેમોન સાથેની તેમની વાતચીત પર ખુશી વ્યક્ત કરતા , શ્રી મોદીએ ભાર મૂક્યો કે

ભારતના વેપાર અને સાંસ્કૃતિક સંબંધો વધી રહ્યા છે અને આ એક અ દભૂત સંકેત છે. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુ સાથે વાત કરતા , પ્રધાનમંત્રીએ કહ્યું કે માલદીવ સાથે ભારતનો વિકાસલક્ષી સહયોગ બંને દેશોના લોકો માટે ખૂબ ફાયદાકારક છે

## PRIME MINISTER-MYANMAR MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તિઆનજિનમાં શાંઘાઈ સહયોગ સંગઠન SCO સમિટ દરમિયાન મ્યાનમારના સુરક્ષા અને શાંતિ આયોગના અધ્યક્ષ સિનિયર જનરલ મિન આંગ હ્લેઇંગને મળ્યા. બેઠક દરમિયાન , શ્રી મોદીએ કહ્યું કે, ભારત તેની પાડોશી પ્રથમ, એક્ટ ઇસ્ટ અને હિંદ પ્રશાંત નીતિઓના ભાગ રૂપે મ્યાનમાર સાથેના સંબંધોને ખૂબ મહત્વ આપે છે. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી.

શ્રી મોદીએ ભાર મૂક્યો કે ભારત મ્યાનમારની આગેવાની હેઠળની શાંતિ પ્રક્રિયાને સમર્થન આપે છે.

## PM MAN KI BAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે દેશે સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે વોકલ ફોર લોકલ, આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના મંત્ર સાથે આગળ વધવું પડશે. આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં તેમણે કહ્યું કે દેશવાસીઓએ સ્વદેશીને ધ્યાનમાં રાખવી જોઈએ.

(Bite-MKB PM Vocal for Local થી 29)

પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશના વિકાસ માટે એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવના ખૂબ જ મહત્વપૂર્ણ છે અને રમતગમતની તેમાં મોટી ભૂમિકા છે. શ્રીનગરમાં આયોજિત પ્રથમ ખેલો ઇન્ડિયા વોટર સ્પોર્ટ્સ ફેસ્ટિવલની ચર્ચા કરી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ચોમાસા દરમિયાન કુદરતી આફતો દેશની કસોટી કરી રહી છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં , દેશમાં પૂર અને ભૂસ્ખલન થી ભારે વિનાશ જોવા મળ્યો છે. આ કટોકટીની ઘડીમાં , સ્થાનિક લોકો, સામાજિક કાર્યકરો, ડોકટરો અને વહીવટીતંત્રે શક્ય તેટલા પ્રયાસો કર્યા છે.

(આપત્તિ પર Byte-MKB PM)

શ્રી મોદીએ કહ્યું કે સૌર ઉર્જા ખેડૂતોના જીવનમાં મોટો પરિવર્તન લાવી રહી છે. તેમણે બિહારના મુઝફ્ફરપુરની દેવકીનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે દેવકીને હવે સોલાર દીદી તરીકે ઓળખાય છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે રામાયણ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ હવે વિશ્વના દરેક ખૂણામાં વધી રહ્યો છે. તેમણે ઇટાલીમાં મહર્ષિ વાલ્મીકિ અને કેનેડામાં ભગવાન શ્રી રામની પ્રતિમાઓના અનાવરણનો ઉલ્લેખ કર્યો.

૧૯૪૭માં હૈદરાબાદમાં બનેલી ઘટનાઓ પર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું ઓડિયો રેકોર્ડિંગ શેર કરતાં શ્રી મોદીએ કહ્યું કે આવતા મહિને દેશ હૈદરાબાદ મુક્તિ દિવસની ઉજવણી કરશે અને ઓપરેશન પોલોમાં ભાગ લેનારા તમામ બહાદુર સૈનિકોની હિંમતને યાદ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# Gujarat Amit Shah

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે ગુજરાતના ગાંધીનગર ખાતેથી નાગરિકોને તમામ પ્રકારની આપત્કાલીન સેવાઓ આપવા માટે 112 જન રક્ષક પ્રોજેકટ સહિત ગૃહ વિભાગના 217 કરોડ રૂપિયાના વિકાસકામોનો શુભારંભ કર્યો.

આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ગુજરાતની દરિયાઇ તેમજ જમિની આંતર રાષ્ટ્રીય સરહદ દુશ્મનો માટે અભેદ્ય કિલ્લા જેવી મજબૂત થઈ છે. તેમણે કહ્યું કે ભારતે સમગ્ર વિશ્વમાં સંદેશ મોકલ્યો છે કે ભારત તેના આત્મ સુરક્ષાના અધિકાર માટે કોઈ પણ સ્તરેજઈ તેના નાગરિકો અને સીમાનું રક્ષણ કરવા પ્રતિબદ્ધ છે.

આંતરિક શાંતિ પ્રસ્થાપિત કરવાની સાથે સાથે ડ્રગ્સ , નાર્કોટીક્સ અને આંતકવાદ સામે ગુજરાત પોલીસ દ્વારા થઈ રહેલી કામગીરીને પણ શ્રી શાહે બિરદાવી હતી

(બાઇટ અમિત શાહ)

જન રક્ષક પ્રોજેકટની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે , આ એક જ નંબર ડાયલ કરીને હવે નાગરિકો પોલીસ , એમ્બુલેંસ, ફાયર, ચાઇલ્ડ હેલ્પલાઇન સહિતની સેવાઓનો લાભ લઈ શકે. તેમણે કહ્યું આ પ્રોજેકટ માટે 1000 થી વધુ આધુનિક વાહનો નાગરિકોની સેવામાં જોડાશે.

(બાઇટ શ્રી શાહ)

આ કાર્યક્રમમાં માણસા પોલીસ સ્ટેશનને બી આઈ એસ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું . આ સન્માન પ્રાપ્ત કરનાર માણસા દેશનું સૌપ્રથમ પોલીસ સ્ટેશન છે.

# HOCKEY INDIA'S VICTORY

આજે બિહારના રાજગીર ખાતે આયોજિત એશિયા કપ હોકી ચેમ્પિયનશિપમાં ભારતે જાપાનને ૩-૨ થી હરાવ્યું. આ જીત સાથે , ભારતીય ટીમ સુપર-૪ માં પહોંચી ગઈ છે. પ્રથમ મેચમાં ચીનને હરાવ્યા બાદ , બીજી જીત સાથે , ભારતે પૂલ એ માં પ્રથમ સ્થાન મેળવ્યું છે. ભારતીય ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહે બે જ્યારે મનદીપ સિંહે એક ગોલ કર્યો.

## HIMACHAL RAIN & WEATHER

હિમાચલ પ્રદેશના વિવિધ સ્થળોએ વરસાદને કારણે હાલમાં ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો બંધ છે. ચંબા જિલ્લામાં, ભરમૌરમાં મણિમહેશ યાત્રા રૂટ પર ફસાયેલા દસ હજાર યાત્રાળુઓને અત્યાર સુધીમાં સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. ચાર હજાર વધુ યાત્રાળુઓને ચંબા સુરક્ષિત રીતે લાવવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો ચાલી રહ્યા છે.

દરમ્યાન, ભારતીય હવામાન વિભાગે આજે પશ્ચિમ ઉત્તર પ્રદેશ , પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પૂર્વ રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.